## 'નિયાંપો'

**શ્રી કચ્છી મિત્ર મંડળ**

**હૈદરાબાદનું મુખપત્ર**

વર્ષ : ૧૫　　અંક : ૧૭૩

પ્રમુખ
**ધનજી લખમશી સાવલા**
(નિ) ૨૪૭૫ ૩૮૯૪, ૯૩૯૧૦ ૫૨૮૦૩

માનદ્ મંત્રી
**અમૃતલાલ ભાણજી નિસર**
(નિ) ૨૪૭૫૫૫૭૪, ૯૩૪૭૫ ૫૫૫૭૪

સંપાદક
**અરવિંદ કેશવજી છેડા**
ફોન : ૨૭૫૬૧૯૦૬, ૬૫૫૦૧૯૦૬
મો. ૯૩૯૧૦ ૦૭૨૭૭

સહ-સંપાદકો
**હંસકુમાર સાયલા**
ફોન : ૨૭૫૬૨૫૪૫, ૬૬૩૬૨૫૪૫
**વસંત પ્રાગજી શાહ**
ફોન : ૬૬૪૬૮૬૧૭
મો. ૯૨૪૬૧ ૮૮૬૧૭

*કાર્યાલય*
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન
૩-૫-૧૪૨, ઇડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોન : ૨૪૭૫ ૨૩૮૩, ૬૫૯૪ ૨૩૮૩

*મુદ્રક*
**ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા, સુલતાન બજાર,
હૈદરાબાદ ૯૫ ફોન ૬૬ ૭૮૦ ૭૮૦

**કીમત - રૂ. ૧/-**


"નિયાંપો" માં પ્રગટ થતા કોઇ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઇ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.



## પ્રમુખશ્રીનો સંદેશ

**ધનજી લખમશી સાવલા**

ઋતુમાનનાં કુદરતીક્રમને અનુસરતા, શિયાળો સમયસર શરૂ થયેલ છે. આવી આલ્હાદક આબોહવા, ચાર માસ સરખી જળવાઈ રહે, જેથી પોષક તંદુરસ્તી પ્રાપ્ત થાય અને વર્ષ આખું સ્વસ્થ રહે એવું ઇચ્છીએ.

સમયનાં પરિવર્તનને અનુરૂપ, મંડળની વિવિધ સમિતિઓએ નવાવિચાર અને નવતર કાર્યક્રમો સમાજને રજૂ કર્યા છે. જેને સાર્વતિક રીતે સમાજનાં સભ્યોનો બહોળો પ્રોત્સાહિત આવકાર મળ્યો છે. પ્રેરણાસ્વરૂપે, આપણને, સૌને આપણી ઉગતી યુવાપેઢી માટે, માન, વિશ્વાસ અને શ્રદ્ધા ઉપજે છે. સમાજનાં અખૂટ વિશ્વાસને સુદૃઢ કરવા, આવા જ નિસ્વાર્થ સેવાભાવ અને સદ્ચિંતનનાં શિસ્તબદ્ધ પ્રયત્નો જરૂરી બની રહે છે.

ઈશુનું નવું વર્ષ આપ સૌને નવચેતનપૂર્ણ તંદુરસ્તી બક્ષે એવી શુભકામના.

*જીવન જીવવા જેવું લાગે,*
*મન હમેશા મસ્તીમાં મહાલે,*
*તન સદા તંદુરસ્ત રહે,*
*ધનની કાયમ ધરપત રહે,*
*જીવતમાં થોડી શાંતિ મળે,*
*પૂર નહીં પીવાનું પાણી મળે,*
*શ્વાસ માટે શુધ્ધ હવા મળે,*
*કુદરતી આફતો આવી ટળે*
*જીવનમાં બસ હસતા હસતાં*
*ફરજ પોતાની બજાવતા રહો,*
*મુસીબતોને નજર અંદાજ કરી*
*ખાઓ, પીઓ, મોજ કરો.*

## આગામી કાર્યક્રમ

| | | |
|---|---|---|
| રવિવાર | તા. ૨૦-૧૨-૦૯ | બાળકો અને વડિલોની અંતાક્ષરી |
| ગુરૂવાર | તા. ૩૧-૧૨-૦૯ | નિર્વાણા એક અનુભવ |
| રવિવાર | તા. ૧૦-૧-૧૦ | સ્વાસ્થ શીબીર |
| રવિવાર | તા. ૧૭-૧-૧૦ | કચ્છી સ્પોર્ટસ અને કલ્ચરલ દિવસ |



# સંપાદકીય

સંપાદક : અરવિંદ કેશવજી છેડા
સહસંપાદકો : હંસકુમાર સાયલા, વસંત પી. શાહ

આપણા સમાજનું મુખપત્ર "નિયાંપો"માં અલગ–અલગ કૃતિઓને સ્થાન આપવાના અમારા પ્રયાસો ચાલુ છે. અને એના સ્વરૂપે આપની સમક્ષ "વિવિધા" દ્વારા જ્ઞાનવર્ધક, ધાર્મિક, સાંસ્કૃતિક અને અનેકવિધ જાણકારી સૈક્ષણિક ક્ષેત્રે રજુ કરીએ છીએ.

શિષ્ટાચાર થી શોભતો માણસ બીજાથી અલગ પડી જાય છે અને અલ્પ સમયમાં સૌને પ્રભાવિત કરી દે છે. શિષ્ટ આચરણ પરિવારમાં તથા સમાજમાં શાંતિ, સમજદારી અને વિકાસ સાધવામાં બુનિયાદી ભાગ ભજવે. વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ સાધવામાં આ સદગુણ અત્યંત ઉપયોગી પૂરવાર થાય છે.

શિષ્ટાચાર વગર જ્ઞાન, આકર્ષક દેખાવ, ડિગ્રી, ધન બધું એકડા વગરના મિંડા જેવું સાબિત થાય છે.

વ્યક્તિ નિર્માણ અને પરિવાર નિર્માણની જેમ જ સમાજ નિર્માણને પણ આપણા અત્યંત આવ્યશ્યક દૈનિક કાર્યક્રમનો એક અંગ માનવું જોઈએ. આપણા પોતાના માટે જેટલો શ્રમ, સમય, મનોયોગ અને ધન ખર્ચ કરીએ છીએ, તેટલોજ સમાજને સમુન્નત, સુસંસ્કૃત અને સમૃધ્ધ બનાવવા માટે ફાળવવાં જોઈએ. આ પરોપકાર પરમાર્થની દૃષ્ટિએ જ નહી પણ પરંપરાગત સમાજના કાર્ય ને વેગવંત રાખવા માટે જરૂરી છે.

"વ્યક્તિ અને સમાજ નિર્માણ એકબીજા પર આધારિત છે". આપણી કોઈ ભૂલ કાઢે તો આપણે એનો આભાર માનીએ, કારણ કે ભૂલો સ્વપ્ના જેવી છે. જેમ સ્વપ્ન અને મહેમાન. એ બન્નેની ખાસિયત જોઈ છે. બેમાંથી એકેય લાંબો સમય રહેતા નથી. વિના કારણે મનને ડામાડોળ બનાવવું નહીં.

અહંને છોડી દરેક અવસરને પ્રેમ, સ્નેહ અને મૈત્રીભાવથી આવકારો. આ જગતમાં બે જ વસ્તુ મહત્વની છે એક પ્રેમ અને બીજી હિંમત.

"જો તમારે ગગનચુંબી ઈમારતો સર્જવી હોય તો પાયામાં પ્રાણ પૂરવા પડશે" આપણી સાધનાને આપણે મહત્વકાંક્ષાની ઉંચાઈએ લઈ જઈએ. સીધ્ધીની ટોચે તોજ પહોંચાય. પોતાનો પડછાયો પણ કેવળ પ્રકાશમાં જ સાથ આપે છે, અંધકારમાં નહી.

*ધન કરતાં વસ્તુ શ્રેષ્ઠ છે, વસ્તુ કરતાં મનુષ્ય શ્રેષ્ઠ છે.*
*મનુષ્ય કરતાં વિવેક શ્રેષ્ઠ છો અને*
*વિવેક કરતાં પણ સત્–તત્વ (પરમાત્મા) શ્રેષ્ઠ છે.*

*મંડળના સભ્યો માટે હોલસેલ ભાવે દવા મેળવવાનું સ્થળ*
**PREETI PHARMA**
INDER BAGH, SULTAN BAZAR, HYDERABAD 500 095.
PHONE : 6553 3588, 6558 6970.



## મંત્રીશ્રીનો અહેવાલ

અમૃતલાલ ભાણજી નિશર

૨૦૧૦નું નવું વર્ષ આપ સર્વને માટે દરેક રીતે સુખદાયી નીવડે એજ ઈશ્વર પાસે પ્રાર્થના કરૂં છું.

ભવનનાં કાર્યો ધીરે ધીરે વ્યવસ્થિત થતાં જાય છે. નાની મોટી ક્ષતિઓ રહી ગઈ છે, જેનો માટે કિર્તીભાઈ અન્ય સભ્યોનાં સહકાર દ્વારા ઘટતું કરી રહ્યા છે. ભવનનો ઉપયોગ કરનાર તેમના અભિપ્રાયોની નોંધ લખે છે, જે સંતોષકારક છે.

મંડળનાં સર્વ કાર્યોની દેખરેખ માટે એક સુપરવાઈઝર/મેનેજરની નિમણુંક કરવાનો નિર્ણય ગત કારોબારી સભામાં લેવાયો છે.

ભવન બુકીંગનાં નિયમો 'નિયાંપો'માં છપાયેલ છે. બુકીંગ કરાવતાં પહેલા જરૂર વાંચી લેવા વિનંતી.

દરેક સમિતિઓ પોત-પોતાનાં કાર્યો સુચારૂ રીતે કરી રહેલ છે. સંચાલકોનાં અહેવાલો અન્યત્ર છપાયેલ છે. તેમનાં કાર્યોમાં સહકાર આપવા આપ સહુને વિનંતિ.

મહિલા સમિતિ દ્વારા 'ફેશન-શો'નો કાર્યક્રમ ખૂબજ સારી રીતે ઊજવાયો. મંડળ દ્વારા આવા પ્રકારનો કાર્યક્રમ પહેલીવાર થયો. ખુશાલી બહેન તથા એમના સહાયકો અને નાના-મોટા વિજેતા કલાકારોને મારા હાર્દિક અભિનંદન. ભાગ લેનાર અન્ય કલાકારોને પણ અભિનંદન કે જેઓ સફળતાનાં ભાગીદાર છે.

મંડળ દ્વારા થનાર અન્ય કાર્યક્રમોની જાણકારી અન્યત્ર છપાયેલ છે. આપ સહુને ઉત્સાહથી ભાગ લઈ કાર્યક્રમોને સફળ બનાવવા વિનંતી. જેથી સંચાલકોનો ઉત્સાહ વધે.

ભાઈ શ્રી હરખચંદ ધારશી સાવલા, પુત્રના લગ્ન પ્રસંગે રૂા. ૨,૫૦૦/-નો અનુદાન આપેલ છે. સર્વ સભ્યો શુભ પ્રસંગે મંડળને સહકાર આપશે એવી આશા.



## શાંતિવન સમિતિ

સંચાલક : હંસકુમાર સાયલા
સહસંચાલક : દામજી માવજી સાવલા

શાંતિવન સમિતિ દ્વારા સંચાલીત બાળકો અને વડિલોની અંતાક્ષરીનો સુંદર કાર્યક્રમ રજુ કરશે સન્માનિય ડૉ. દિલીપભાઈ પ્રાગજી ભાનુશાલી સાથે તેઓશ્રીના સહ કાર્યકર્તાઓ.

ભુલતા નહી આપની મનમસ્તિષ્કની ડાયરીમાં નોંધી લેશો તારીખ ૨૦ ડિસમ્બર વાર રવિવાર સાંજના ઠીક ૪.૦૦ વાગે નો સમય. સ્થળ : શ્રી કચ્છી ભવન, રામકોટ.

આ કાર્યક્રમમાં કચ્છી મિત્ર મંડળના સર્વે પરિવારજનો ભાગ લઈ શકશે. નામ નોંધાવવાની છેલ્લી તારીખ ૧૩મી ડિસમ્બર ૨૦૦૯ રવિવાર છે.

વધુ વિગત માટે સંપર્ક કરો : કાન્તાબેન દંડ-૬૬૧૪૫૨૬૬, દર્શનાબેન દેઢિયા-૬૬૪૬૩૬૯૫, કાન્તીલાલ સોની-૬૬૬૬૭૩૭૦.

ચાર વાગ્યા સુધી હાજરી રજીસ્ટરમાં સહી કરનાર પ્રથમ સો સભ્યોમાં લક્કી ડ્રૉ કાઢવામાં આવશે. કાર્યક્રમની પૂર્ણાહુતી બાદ ભોજનની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

## માનવ મિત્ર સમિતિ

સંચાલક : ડૉ. દિલીપ પ્રાગજી ભાનુશાલી
સહસંચાલક : હરિલાલ ભીમશી સાવલા

પ્રતિ વર્ષ મુજબ મૂઠીભર અનાજના વોલીયન્ટર ભાઈ–બહેનો તેમજ માનવ મિત્ર સમિતિના સભ્યો અને મંડળના સભ્યો આશ્રમના રહેવાસીઓ સાથે મળી તા. ૨૬ મી જાન્યુઆરી ધ્વજવંદન વગેરે કાર્યક્રમનું આયોજન કરેલ છે. સ્થળ તેમજ અન્ય વિગત આપને આગામી નિયાંપોમાં જણાવવામાં આવશે. મૂઠીભર અનાજના યુવા વોલીયન્ટરો આપને આંગણે આવે ત્યારે આપ યથા શક્તિ રાશી ઉપરોક્ત કાર્યક્રમ માટે લખાવવા વિનંતી. માનવ સેવાના આ કાર્યક્રમ માટે આપ સહકાર આપશો એવી વિનંતી.

**ગૌશાળા માટે દાન**

રૂા.૨૫૦૧/– શ્રી હરખચંદ ધારશી સાવલા–પુત્રના લગ્ન પ્રસંગે
રૂા. ૫૦૦/– સ્વ. દેવકાબેન લખમશી ગડા
રૂા. ૨૫૧/– સ્વ. અ.સૌ. ઝવેરબેન ટોકરશી વોરા

**આશ્રમ માટે દાન**

રૂા. ૫૦૧/– શ્રી હરખચંદ ધારશી સાવલા–પુત્રના લગ્ન પ્રસંગે
રૂા. ૫૦૦/– સ્વ. દેવકાબેન લખમશી ગડા
રૂા. ૨૫૧/– સ્વ. અ.સૌ. ઝવેરબેન ટોકરશી વોરા
રૂા. ૧૦૦/– શ્રી વિપુલ ધનજી સાવલા

**હોસ્પિટલ માટે દાન**

રૂા.૧૦૦૧/– શ્રી હરખચંદ ધારશી સાવલા–પુત્રના લગ્ન પ્રસંગે
રૂા. ૫૦૦/– સ્વ. દેવકાબેન લખમશી ગડા
રૂા. ૨૫૧/– એક સદ્‌ગૃહસ્થ તરફથી

**મુઠ્ઠીભર અનાજ યોજના**

મુઠ્ઠીભર અનાજ હેઠળ ગત માસમાં ૩૩૦ કિલો ચોખા તેમજ ૪૦ કિલો દાળ પ્રાપ્ત થયા છે. જેને વિવિધ આશ્રમમાં વિતરણ કરેલ છે.

ભગવાન મહાવીર જૈન રીલીફ ફાઉન્ડેશન ટ્રસ્ટને ડાયાલીસીસ માટે રૂા. ૩૦૦૦નું દાન, મુઠ્ઠીભર અનાજના વોલીયન્ટર ભાઈઓએ પ્રાપ્ત કરેલ છે. દાતાઓનું ખુબ ખુબ આભાર.

મુંબઈના પ્રખ્યાત પોષ્ટીક અને સ્વાદિષ્ટ
**ખાખરા, ફરસાણ, ચિક્કી અને હોમમેડ ચોકલેટ્સ**
હોલસેલ ભાવે દરેક વેરાયટીમાં ઉપલબ્ધ
**હેમલ ટ્રેડર્સ**
૧૦૪, રાઘવેન્દ્ર હોમ્સ, બીજે માળે, ૩–૪–૭૪, કાચીગુડા, રાઘવેન્દ્ર ટેમ્પલની સામે, હૈદરાબાદ–૨૭.
ચંદ્રકાન્ત મોતા ૯૩૪૬૬ ૭૪૫૪૨, ૯૨૯૦૧ ૨૪૨૩૦
હેમલતા મોતા ૦૪૦–૨૭૫૬ ૦૪૪૧
(જા.ખ.Q-2692)

DEEPAK MAVJI DHAROD Cell : 98490 53458
**BHAVANA TOURS & TRAVELS**
RENT A CAR, INDICA, TATA SUMO, QUALIS, TEMPO TRAVEL &
SWARAJ MAZDA (16, 19, 24 SEATERS), SEMI DELUX BUSES (35, 40, 52, 55 SEATERS)
DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK
(જા.ખ.S-1502)

## ૬ માર્ચ ૨૦૦૯ ની સંયુક્ત સભામાં મંજુર કરવામાં આવેલ ધારાધોરણની વિગત + મંડળના સભ્યો/કચ્છી રજીસ્ટર્ડ સંસ્થા માટે બુકીંગ નિયમો

૧) મંડળના સભ્ય ફક્ત તેના પરિવાર* માંજ આયોજિત વિવિધ સામાજીક પ્રસંગો* માટે ભવનનું બુકીંગ કરાવી શકશે.
*પરિવાર = એક જ રસોડે રહેતી તમામ વ્યક્તી
*સામાજીક પ્રસંગો = લગ્ન, સગપણ, જન્મ દિવસ, સાંજી, પહેડી, પૂજા, ધાર્મિક વિ..

૨) લગ્ન સિવાયના કાર્યક્રમ માટે ૮૫ દિવસ પહેલા બુકીંગ લેવામાં આવશે નહી.

+ 2A મંડળનાં સભ્યો દ્વારા જાહેર જનતા માટે આયોજીત સત્સંગ, જાપ, સમાજ ઉપયોગી, બિન રાજકીય, લેકચર, કીટી પાર્ટી માટે સભ્ય ભવનના ફક્ત બીજા માળના હોલ ક્ષમાપના હોલ અને દીપક હોલનું બુકીંગ કરાવી શકશે.
આ માટે ભવન ભાડું નોન-મેમ્બરના ભાડાના ૫ ટકા આપવાનું રહેશે.
આ માટે ભવનનું બુકીંગ પ્રસંગના ૩૦ દિવસ પહેલા લેવામાં આવશે નહીં.
અન્ય સર્વે ધારા ધોરણ/ચાર્જ સભ્યપદ મુજબના રહેશે.

૩) ભવન બુકીંગ કરાવ્યા બાદ કોઈ પણ કારણસર બુકીંગ કેન્સલ કરાવશે તો ભવનના નોન મેમ્બર માટેના ભાડાની ૧૦ ટકા રકમ આપવાની રહેશે. અથવા બુકીંગની તારીખમાં ફેરફાર કરવાની હશે તો નોન મેમ્બરના બુકીંગ ભાડાની રકમના ૫ ટકા સરચાર્જ આપવાનો રહેશે.

પણ

જો સભ્યને બુકીંગ અન્ય કોઈ નોન-મેમ્બરની બુકીંગ કેન્સલ કરી આપવામાં આવી હશે અને ત્યાર બાદ સભ્ય બુકીંગ કેન્સલ કરાવશે તો નોન મેમ્બર બુકીંગ ચાર્જના ૫૦ ટકા સરચાર્જ ભરવાનો રહેશે.

૪) સાધન સામગ્રી ઉપાડવા / રાખવાની મજુરી અલગથી લેવામાં આવશે.

૫) ભવન સફાઈ ચાર્જ હોલ દીઠ તેમજ ગેસ્ટ હાઉસ માટે રૂા. ૫૦૦/- અલગથી લેવામાં આવશે.

૬) ખોટી વિગત ભરીને ભવન માટે અરજી કરી હશે અને તે હકીકતની જાણ થશે તો અપાયેલ નોંધણી રદ કરવામાં આવશે અને ડીપોજીટની રકમ કાપી લેવામાં આવશે તેમજ સભ્ય સામે સખ્ત પગલા લેવામાં આવશે અને સભ્યપદ પણ કેન્સલ થઈ શકશે.

૭) આશરે કેટલા વ્યક્તીઓ માટે જમણવાર છે. તેની માહિતી, તે માટે જરૂરી વાસણ સાધન સામગ્રી નું લીસ્ટ ૧૫ દિવસ અગાઉ આપવાનું રહેશે. જે સાધન સામગ્રી મંડળમાં હશે તે બહારેથી લાવતા તેનું ભાડું આપવાનું રહેશે.

૮) સભ્યોને એક પ્રસંગ માટે મુખ્ય ભવન, સાઈડ હોલ અને ગેસ્ટ હાઉસનું બુકીંગ વધુમાં વધુ બે દિવસ માટે આપવામાં આવશે. ત્રીજા દિવસનું ભાડું NON-MEMBER ના ભાડાના ૨૦% લેવામાં આવશે. ચોથા દિવસથી ભાડું NON-MEMBER ના ભાડાના ૫૦% લેવામાં આવશે.

૯) ભવન બુકીંગ કરાવ્યા બાદ પ્રસંગને દિવસે ભવનનો કોઈ પણ ભાગ વપરાયા વગરનો રહેશે. તેની જાણ થશે તો નોન મેમ્બરના બુકીંગ ચાર્જના ૫૦% સરચાર્જ ભરવાનો રહેશે.

૧૦) સ્ટેજ સિવાય ભવન તથા પાર્કિંગ જગ્યાના કોઈ પણ ભાગમાં ડેકોરેશન તેમજ વૉલ પેનલીંગ કરવા દેવામાં આવશે નહી.

૧૧) ભવનના કોઈ પણ ભાગ, ફરનીચર, સાધન સામગ્રી કે અન્ય કોઈ પણ ચીજ વસ્તુને સભ્ય દ્વારા નુકશાન પહોંચાડવામાં આવશે અથવા તો સાધન સામગ્રી તુટ ફૂટ થશે અથવા તો ખોવાય જશે તો તેની સંપૂર્ણ જવાબદારી સભ્યની રહેશે. અને તેની નક્કી કરેલ પૂરી રકમની ભરપાઈ કરવાની રહેશે.

૧૨) લિફ્ટ/એરકંડીશન/ એરકુલીંગ યુનીટ/જનરેટર અને અન્ય વધારાના ઉપકરણો સભ્યોની સગવડ માટે વસાવવામાં આવ્યા છે, તેનો દુરઉપયોગ ટાળશો અને કોઈ પણ સમય કોઈ પણ કારણસર તે કાર્યરત ન રહે તો તેની જવાબદારી મંડળની રહેશે નહી.
જનરેટરનું ભાળુ નીચે મુજબ લેવામાં આવશે. ૧) ૧ કલાક માટે રૂા. ૧૦૦૦/–, ૨) ૨ કલાક સુધી રૂા. ૨૦૦૦/–, ૩) અને એના ઉપર રૂા. ૩૦૦૦/–, ૪) ડીઝલ જે ઉપયોગ થાય તેનાં હિસાબે અલગ થી ચાર્જીસ આપવાનું રહેશે.

૧૩) ભવન મંડળના સૌ સભ્યોના ઉપયોગ માટે છે. અન્ય સભ્યોને પણ તેનો લાભ મળી શકે તે ધ્યાનમાં રાખી ભવન બુકીંગ કરતા સમયે સહકાર અને સહયોગ આપશો અને તેનો દુર ઉપયોગ ટાળશો.

૧૪) ભવન બુકીંગના સર્વે નિયમ અને વ્યવસ્થા માટેનો છેલ્લો નિર્ણય મંડળને આધિન રહેશે. જે સૌ સભ્યોને બંધનકર્તા રહેશે.

૧૫) **સાદાઇ થી લગ્ન પ્રસંગ**

***મંડળના સભ્યો માટે :***

કોઇપણ સભ્ય પોતાના “પરિવાર“ માં આવતા લગ્નપ્રસંગ ને “સાદાઇ“ થી ઉજવવા માંગતો હશે. તેને ભવનનો ફક્ત સાઇડ હોલ (સ્વસ્તિક હોલ) અને રસોડું નં. ૨, સવારના ૬.૦૦ કલાકથી સાંજે ૪.૦૦ કલાક સુધી ફાળવવામાં આવશે. આ માટેની બન્ને પક્ષે મળી કુલ્લ આમંત્રીત મહેમાનોની સંખ્યા વધુમાં વધુ ૧૫૦ જણની રહેવી જરૂરી છે.

આ માટે ભવન ભાડા, જરૂરી સાધન સામગ્રી, લાઇટ વિ. સર્વે ખર્ચ મળી ફક્ત રૂા.૧૦૦૧/– ચાર્જ લેવામાં આવશે.

**કચ્છી રજીસ્ટર્ડ સંસ્થાઓ**

૧) ભવનનું બુકિંગ, એક સમયે એકજ દિવસ, એમ વર્ષ દરમ્યાન બે દિવસ માટે કરી શકશે.
૨) બુકીંગના ભાડું અને અન્ય સર્વે નિયમો સભ્યોના બુકીંગને લગતા રહેશે.
૩) આ માટેનું બુકીંગ ૮૫ દિવસ પહેલા લેવામાં આવશે નહી.

**અન્ય સંસ્થાનું બુકિંગ**

બહારગામથી પધારતી કચ્છી/ગુજરાતી સંસ્થા તથા હૈદરાબાદ–સિકંદરાબાદની કોઈ પણ ગુજરાતી/ અન્ય સામાજીક / ધાર્મિક સંસ્થા અન્ય કોઈ Non profit making સંસ્થા તથા મંડળના સભ્યને ધંધાદારી હેતુ ભવન અથવા ફક્ત ગેસ્ટહાઉસ વધુમાં વધુ ત્રણ દિવસ માટે ફાળવવામાં આવશે.

આ માટે તેઓને ભવન ભાડા અને સાધન સામગ્રીમાં ૨૫ ટકા રાહત આપવામાં આવશે. અન્ય સર્વે ચાર્જ અને નિયમ નોન–મેમ્બરને લગતા રહેશે.

આ માટેનું બુકીંગ ૮૫ દિવસ પહેલા લેવામાં આવશે નહી.

## SHANTI PRIMARY SCHOOL

Correspondent
VIPUL HARILAL NISAR

The first ever Health Camp for the Students of our School was successfully organized in the first week of November 09. Ninety Six students of the School benefitted by way of General Health and Dental Check-up. The camp was co hosted by the Lions Club of Hyderabad East. Many thanks to the Secretary of the club for organizing Doctors on a Short Notice.



Free Medicines were given during the camp. For Chronic Cases follow up prescription cards were given to the parents of the students.

Doctors and teachers of the school showed ample patience to handle small children during the camp.

Children's Day was celebrated with fun and enthuslasm.

December is the month of terminal exams. Best of luck to the students. Wishing you all a Merry Christmas and a Very Happy New Year.

Dealers & Stockist
INDUSTRIAL ELECTRONIC COMPONENTS & TOOLS

Estd: 1980
KIRAN electronics
Ph (040) 2475 0656, 6453 8636
Fax :( 040) 2475 8636.
Email: hydkiranelec@yahoo.com

Estd: 1979
SANGHVI BROTHERS
Telefax (040) 2475 2518.
Email: hydsanghvi@yahoo.com

Be vegetarian
* Say Yes
To Tobacco & Alcohol
* never

(સૌ. ય. Oct 09)

# યુવા સમિતિ

સંચાલક : કૃણાલ હરિયા
૯૯૮૯૦ ૭૭૭૭૪

વર્ષ ૨૦૦૯ની વિદાય... અને વર્ષ ૨૦૧૦ના આગમનના અવસરે યુવા સમિતિ સહર્ષ પ્રસ્તુત કરે છે... ગૌરવ કેટરર્સ અને સહયોગી સૌજન્ય દાતાઓના સહકારથી....

**તા. ૩૧-૧૨-૨૦૦૯ રાત્રે ૭.૩૦ કલાકથી**
**કચ્છી ભવનના ઘરેલુ વાતાવરણમાં**

## નિર્વાણા *એક અનુભવ...*

ફક્ત મંડળના સભ્યોના બાળકો અને યુવાવર્ગને એક નિર્મલ, નિર્દોષ આનંદ મેળવવા, અનુભવી ડી.જે.ના સંગીતના તાલે... એક મંચ ઉપર આનંદ અને ઉમંગભેર ઝુમવા અને ઝુમતા એક નવા અનુભવમાં અવતરિત થવા સાથે વિવિધ ઈનામોના હક્કદાર બનવા આમંત્રણ છે.

આ માટેના ડોનેશન પાસ તા. ૧૫ ડીસેમ્બર ૨૦૦૯થી કચ્છી ભવનની ઓફિસમાંથી વહેલા તે પહેલાના ધોરણે આપવામાં આવશે.

૧૨ વર્ષ થી નીચેના બાળકો માટે રૂા. ૧૦૦/- (ડીનર સાથે)
૧૨ વર્ષ થી ઉપરના યુવા માટે રૂા. ૧૭૫/- (ડીનર સાથે)

વાલીઓને ખાસ વિનંતી કે અન્યત્ર જતા આપના બાળકોને ઉપરોક્ત કાર્યક્રમમાં ભાગ લેવા પ્રેરિત કરી નિશ્ચીંત બનશોજી.

અમો આભારી છીએ...
અમારા મુખ્ય સૌજન્ય દાતા : મે. ગૌરવ કેટરર્સ
સહયોગી સૌજન્ય દાતાઓ : (૧) પ્રફુલભાઈ કે. ધરોડ, (૨) મે. બ્લુ સ્ટાર રબર પ્રોડકટસ, (૩) મે. ઈન્ડીયન એમ્પોરીયમ, (૪) મે. કલ્પના ટ્રેડિંગ કું., (૫) મે. વિશાલ કટપીસ સેન્ટર, (૬) મે. વિકટરી કમફર્ટ પ્રોડકટસ, (૭) સ્કુપ આઈસ્ક્રીમ, (૮) શાંતિ ગ્રુપ, (૯) શાંતિ સપ્લાયર્સ.
લક્કી ડ્રો ઈનામના સૌજ્ય દાતા : મે. દીપક ટ્રાન્સપોર્ટ.
અમારા શુભચિંતકો... કારોબારી સમિતિના સૌ સભ્યો અને સમિતિના સહયોગી કાર્યકર્તાઓના...

વધુ વિગત માટે કૃણાલ હરિયા - ૯૯૮૯૦ ૭૭૭૭૪, ગૌરવ ગડા - ૯૮૪૯૦ ૫૬૮૩૮, તેજસ ગાલા - ૯૮૮૫૩ ૪૮૧૫૮નો સંપર્ક કરવા વિનંતી.

For your regular / pending **Accounting** work in **English** or **Gujarati**
by Computerized or Manual
Contact : **SAYLA & SAVLA**
**DAMJI SAVLA** 93920 17230
**HANSKUMAR RAICHAND SAYLA** 6673 2545
(જા. પ. Q... Dec.09)



# રમત-ગમત સમિતિ

સંચાલક : મનીષ એમ. સાવલા
ફોન : ૯૩૯૧૦ ૨૪૧૦૮

## ''કચ્છી વાર્ષિક સ્પોર્ટસ-ડે''

**તારીખ : ૧૭-૦૧-૨૦૧૦ રવિવાર સમય : સવારના ૯ થી ૧ વાગ્યા સુધી**

**સ્થળ : શ્રી કચ્છી ભવન, ઈડન બાગ**

સહર્ષ જણાવતા હર્ષ થાય છે કે કચ્છી મિત્ર મંડળનું વાર્ષીક સ્પોર્ટસ-ડે આપણે સૌ ભેગા થઈ વિવિધ ખેલ હરીફાઈઓનું આનંદ માણીશું. જેમાં હશે નીચે મુજબની પ્રતિયોગીતાઓ :

| | | | | |
|---|---|---|---|---|
| 1) | Carrom Competition | : | Group A 7 to 10 yrs | Both group |
| | કેરમ કમ્પટીશન | | Group B 11 to 14 yrs | Both group |
| | 9 a.m. to 11 a.m. | | Group C 15 and Above | Both group |
| 2) | Chess Competition | : | Group A 7 to 10 yrs | Both group |
| | ચેસ કમ્પટીશન | | Group B 11 to 14 yrs | Both group |
| | 9 a.m. to 11 a.m. | | Group C 15 and above | Both group |
| 3) | Track Competition | : | Group A 7 to 10 yrs | |
| | ટ્રેક કમ્પટીશન | | Group B 11 to 14 yrs | |
| | 11 a.m. to 12 Noon | | Group C 15 and above | |
| | | | Group D only for ladies above 25 yrs. | |
| 4) | Nursery Rhymes | : | Group 3 to 6 yrs. | |
| | નર્સરી રાયમ્સ 11 a.m. to 11.30 a.m. | | | |
| 5) | Fun Games | : | Group 3 to 6 yrs. | |
| | ફન ગેમ્સ 11.30 a.m. to 12.30 p.m. | | | |
| 6) | Tressure Hunt | : | Group A 14 yrs to 25 yrs. | |
| | ટ્રેઝર હન્ટ | | Group B 25 and above ladies | |
| | 12.30 to 1.00 p.m. | | | |

**દરેક હરીફાઈ માટે નામ નોંધાવવું જરૂરી છે. નીચે આપેલ નામ ઉપર નામ નોંધાવવું જરૂરી છે.**

Navnit Cup Cricket Tournament (Mumbai) 7th to 14th February : A strong 15 (fifteen) member team would represent us at Navneet Cup Cricket Tournament (Silver Jubilee Celebrations), Mumbai. A preparation cum coaching for 27 probables will start from 25th of December.

| **Haresh Dedhia** | **Mahendra Vora** | **Leharchand Lodaya** | **Samir Vora** |
|---|---|---|---|
| *Savla Shoppe* | *Dilsukhnagar* | *Maharaj Gunj* | *Arihant Ashiyana* |
| *92461 94405* | *92461 85631* | *92465 31066* | *94404 14122* |



# મનોરંજન સમિતિ

સંચાલક : પંકજ હીરજી સાવલા
ફોન : ૯૮૪૯૭ ૪૭૬૨૫

## ''મનોરંજન મેળાવડો''

**તારીખ : ૧૭-૦૧-૨૦૧૦ રવિવાર**
**સમય : સાંજના ૪.૩૦ વાગ્યા થી**
**સ્થળ : શ્રી કચ્છી ભવન, ઈડન બાગ**

આયોજીત મનોરંજન મેળાવડામાં ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવવા આપસૌને આમંત્રણ છે જેમા હશે નીચે મુજબના કાર્યક્રમ.

| | | |
|---|---|---|
| **ફેન્સી ડ્રેસ Fancy Dress** | : | **Group A - 3 to 5 Yrs.** |
| **ફેન્સી ડ્રેસ Fancy Dress**<br>**5 p.m. to 6 p.m.** | : | **Group B - 6 to 9 Yrs.** |
| એક મીનટ<br>One Minute<br>6.15 pm to 7 p.m. | : | ફક્ત ૨૦ વર્ષ થી ઉપરની મહિલાઓ માટે મનોરંજક હરીફાઈઓ દરેક રાઉન્ડમાં પ્રાઈઝ Fun Games for Ladies above 20 Yrs. each round one Prize |
| કયા મસ્તી કયા ધૂમ<br>Kya Masti Kya Dhoom<br>7.15 p.m. | : | હિન્દી ફીલ્મો ઉપર આધારીત સંગીતમય મનોરંજક હરીફાઈ. હરીફાઈમાં ૮ વિવિધ અટક (નુખ)ની ટીમ લેવામાં આવશે દરેક અટકની ટીમમાં એકજ અટકના ૪ સદસ્યોં હોવા જરૂરી છે.<br>Entertaining and musical competition based on Hindi films. Only Eight Teams from different surname will be taken consisting of 4 member's of same surname. |

For Entres and Details contact : Pankaj H. Savla - 98497 47625.

| | | |
|---|---|---|
| આનંદ બજાર 6 pm onwards | : | વિવિધ વાનગીઓના સ્વાદીષ્ટ સ્ટોલ્સ |
| ઈનામ વિતરણ<br>Prize distribution | : | સવારની રમત-ગમત હરીફાઈ અને મનોરંજન મેળાવડાની હરીફાઈઓના ઈનામ વિતરણ.<br>Prize distribution of morning Sports Competition and Stage Competition |

Entries for Sports Competition, Fancy Dress & One minute contact below given name's
સ્પોર્ટસ કમ્પટીશન, ફેન્સી ડ્રેસ અને એક મીનટની એન્ટ્રી નીચે આપેલ નામ ઉપર નોંધાવવી જરૂરી છે.

| **Haresh Dedhia** | **Mahendra Vora** | **Leharchand Lodaya** | **Samir Vora** |
|---|---|---|---|
| *Savla Shoppe* | *Dilsukhnagar* | *Maharaj Gunj* | *Arihant Ashiyana* |
| *92461 94405* | *92461 85631* | *92465 31066* | *94404 14122* |

# સંસ્થા સમાચાર

❁ **આંધ્ર પ્રદેશ કચ્છી વિશા ઓસવાલ સમાજ એકમ** દ્વારા આયોજીત અને શ્રી ચેન્નૈઈ ક.વી.ઓ. જૈન સમાજના આતિથ્યમાં તા. ૨૩ અને ૨૪ જાન્યુઆરી ૨૦૧૦ના **એડવેન્ચર ઝોન રીસોર્ટ–ચેન્નૈઈ** ખાતે યુથ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. સમાજના ૧૫ વરસ થી ઉપરની વયના અપરણીત યુવક–યુવતીઓ ભાગ લઈ શકશે. ચાર્જ રૂા. ૭૦૦ (વ્યક્તિ દીઠ), વધુ જાણકારી અને નામ નોધવવા – સંપર્ક જયેશ નાગડા–૯૮૪૯૨ ૫૧૨૦૧, હાર્દિક ગડા–૯૯૮૫૭ ૭૨૨૨૦.

❁ **શ્રી મહારાષ્ટ્ર કચ્છી ઓસવાલ જૈન સમાજ** દ્વારા તા. ૧૯, ૨૦ જાન્યુઆરી ૨૦૧૦ના મહાબળેશ્વર ખાતે ૨૦ થી ૩૨ વર્ષ સુધીના યુવક–યુવતીઓ માટે **પરીચય મેળાવળા** "હમ તુમ પાર્ટ–૪"નું આયોજન કરવામાં આવેલ છે. આ પરીચય મેળાવડામાં ભાગ લેવા માટેના ફોર્મ મેળવવા તેમજ અન્ય જાણકારી માનદ્ મંત્રી શ્રી પોપટલાલ છેડા ફોન. ૬૬૬૩ ૭૧૮૬, ૬૬૮૪ ૫૫૫૧ પાસે થી મેળવી શકાશે.

❁ **કચ્છનું ગૌરવ** કુ. ગીતા ધરોડ – જ્યાં જ્યાં લોક સંગીતની રમઝટ હશે, ત્યારે અચૂક નામ જોડાયેલું હશે કુ. ગીતાનું માત્ર સંગીત જ નહી. પણ પેઈન્ટીંગની સ્પર્ધામાં અવલ ગણાતી કુ. ગીતા. જીવનના કપરા ચઢાણ, અથાગ પરિશ્રમ, કુનેહ તેમજ શ્રધ્ધાનું પરિણામ સ્વરૂપ એક પ્રતિભા.

કુ. ગીતા પ્રશંષાને પાત્ર તો છેજ, પરંતુ તેથી વિશેષ આર્શિવાદ ને પણ પાત્ર છે. શ્રી કચ્છી મિત્ર મંડળ કુ. ગીતાની ઉત્તરોતર પ્રગતિ માટે આર્શિવાદ સાથે અભિવાદન પણ કરે છે. અને સ્વર કિન્નરી તરીકે સિધ્ધિ પ્રાપ્ત કરે અને સમસ્ત કચ્છનું તેમજ તેમના માતા–પિતાનું નામ રોશન કરે તેજ અભ્યર્થના આશિષ.

"સંગતી – સાધના – સમર્પણ – સફળતા"

❁ **ધન્યધરા કચ્છ નગરે** પત્રી ગામ એક તિર્થધામ બની રહ્યું છે. પૂ. ગુરૂ ભગવંતોની પ્રેરણાથી અને પત્રી જૈન સંઘના પૂણ્યશાળી ભાગ્યોદય થી એક અપૂર્વ અવસર એટલે શ્રી ચંદ્રપ્રભુ સ્વામીના નૂતન જિન પ્રસાદે પાવન પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન. તા. ૧૦–૧૨–૨૦૦૯ થી ૧૪–૧૨–૨૦૦૯ સુધી જિનશાસનને પ્રત્યેક મનુષ્યના જીવનમાં ધબકતું રાખશે.

પત્રી શ્રી સંઘને શ્રી કચ્છી મિત્ર મંડળ અભિનંદન પાઠવે છે તથા મહોત્સવ પ્રસંગે પધારેલ સર્વે સાધુભગવંતોની શુખશાત્તા ઈચ્છે છે.

❁ **કચ્છ–ગુંદાલા** ગામ મધ્યે "માતુશ્રી કુંવરબેન નાનજી કુરપાર" રાંભીયા ટ્રસ્ટ દ્વારા "વડીલ દત્તક" યોજના અમલમાં આવેલ છે. વડીલોને ઘરથી પણ વિશેષ હુંફ ભરી માવજત આપવામાં આવે છે. એક માસના પ્રત્યેક વ્યક્તિ દીઠ રૂા. ૧૫૦૦/– ચાર્જ લેવામાં આવે છે.

ઉપરોક્ત સંસ્થાનું કાર્ય વિશાળ હોઈ–ખર્ચ નિભાવ માટે ફંડ પ્રાપ્ત કરવાની રજીઆત કરેલ છે. જેની સંપૂર્ણ વિગત–માહિતી શ્રી કચ્છી મિત્ર મંડળની ઓફીસમાંથી ઓફીસ કાર્ય સમય દરમ્યાન મળી શકશે.

દાતાઓને લાભ લેવા આમંત્રણ છે. દાન એ સામાજિક આવ્યાશક્તા છે અને ધાર્મિક ફરજ પણ છે. જો લક્ષ્મી લેનાર જગતમાં ન હોત તો તમારી લક્ષ્મીની કિંમત શું. ઉપરોક્ત સંસ્થાને શ્રી કચ્છી મિત્ર મંડળ, સફળતા પ્રાપ્તિ માટે અભિનંદન પાઠવે છે.

# સમાજ દર્પણ

**નવ–આગમન–વધાઈ**

| | | |
|---|---|---|
| પુત્રી જન્મ અ.સૌ. અલ્પનાં સંદીપ વલભજી સાવલા | ડેપા | |

**સગપણ**

| | | | |
|---|---|---|---|
| ૧) | ચિ. ડૉ. મીતલ નવીન રાંભીયા | ગુંદાલા | હૈદરાબાદ |
| | ચિ. ડૉ. મૃદુલ વીશનજી ધરોડ | પત્રી | મુંબઈ |
| ૨) | ચિ. દીશા માણેક રવજી દેઢિયા | ભુજપુર | હૈદરાબાદ |
| | ચિ. કુનાલ પંકજ વેલજી નન્દુ | કપાયા | સિકન્દ્રાબાદ |

**શુભ લગ્ન**

| | | | |
|---|---|---|---|
| ૧) | ચિ. ભાવેશ તારાચંદ ભવાનજી હેણિયા | સાભરાઈ | હૈદરાબાદ |
| | ચિ. ભાવિની હીરજી જેઠમલ સયા | ભોજાય | સાંગલી |
| ૨) | ચિ. હેમાંગ હરખચંદ ધારશી સાવલા | મોથાળા | હૈદરાબાદ |
| | ચિ. પિનીસી તારાચંદ છેડા | હાલાપર | જબલપુર |

## DONATE EYES - LIVE TWICE




# MARVEL Beauty Parlour

***We specialises in Bridal Make-up, Hairstyle & Mehendi.***
***Skin, Anti Dandruff & Hair Treatment***

***We conduct classes for*** **MEHANDI & BEAUTY COURSES**

LEARN PERSONAL BEAUTY COURSE IN RS. 700/- ONLY
Non Surgical Face Lifting, Under Eye Dark Circles Treatment, Skin Polishing Treatment,
Anti Dandruff Treatment, Radiance Glow, Lighting Facial. Temporary & Permanent Hair Straightening

**SPECIAL OFFER FOR YOU**
**"BEAUTY PACKAGE" for Just Rs. 300/- only**
Bleaching or Hair Massage, Facial, Waxing, Pedicure,
Manicure & Eyebrow. + Rs. 50/- apply only Hairdye or Heena.
***DON'T MISS THIS OFFER***

(શ્રી.પ. H-2570 Dec.09)

**SPECIAL OFFER FOR BRIDAL PACKAGE**

Contact in Person : **PRAGNA H. SHAH Ph : 92473 04982**
# G-4, Lakshmi Narayan Apartments, Near Mahalakshmi Dairy, Kutbiguda, Hyderabad - 27.

# શ્રી કચ્છી મિત્ર મંડળ માવજત સમિતિ સંચાલિત
# શ્રી ડુંગરશી રવજી મારૂ ચેરીટેબલ ટ્રસ્ટ
# લાયન્સ ક્લબ ઑફ હૈદરાબાદ ઈસ્ટ દ્વારા

## Free Eye, Dental, Bone Density & Orthopaedic Checuk-up Camp
## આંખ, દાંત અને હાડકાની તપાસ શિબિર (નિશુલ્ક)

*શિબિર :* રવિવાર તા. ૧૦-૧-૨૦૧૦
સવારના ૮.૩૦ થી બપોરના ૧.૩૦ સુધી
*સ્થળ :* શ્રી કચ્છી ભવન, ઈડનબાગ, રામકોટ, હૈદરાબાદ

**નામોની નોંધણી : REGISTRATION**

તા. ૨૫-૧૨-૦૯ થી તા. ૯-૧-૨૦૧૦ સવારના ૯ થી બપોરના ૧ સુધી ફક્ત રૂા. ૫/- દરેક તપાસ માટે શ્રી કચ્છી ભવન, ઈડનબાગ, રામકોટ, હૈદરાબાદ. ફોન. ૨૪૭૫ ૨૩૮૩, ૬૫૯૪ ૨૩૮૩માં કરવામાં આવશે. ફક્ત નામ નોંધનાર ભાઈ/બહેનોને તપાસવામાં આવશે. સમયસર નામ નોંધાવવા વિનંતી. વહેલો તે પહેલો ના ધોરણે પુરતાં નામની નોંધણી થઈ જતાં, નોંધણી વહેલી પણ બંધ કરવામાં આવે.

| | | | |
|---|---|---|---|
| 1) | Orthopaedic Check up | : | **Dr. SANJAY TAPADIA,** DNB, MCH (Ortho) |
| 2) | Eye Check-up | : | **Dr. A. VENKATACHALLAM,** M.S. D.O.<br>**Dr. A. BHAVANA,** MBBS, D.O. |
| 3) | Detnal Check-up | : | **Dr. VIKAS,** B.J. M.D.S.<br>**Dr. Mrs. VANDANA,** B.D.S.<br>**Dr. KIRON** |
| 4) | Pulse Electro Magnetic Field | : | **Dr. SANDEEP** |
| 5) | Bone Density | : | **Dr. RAFI** |

આ શિબિર સાથે MAGNET-RON THERAPY CENTRE તરફથી સાંધાનો દુખાવો, કાંધમાં જકડાઈ, ગળામાં અકડાઈ, હાડકામાં નબડાઈ, કમરનો દુ:ખાવો અને પ્રોસ્ટેટાઈસિસના દર્દ માટે PULSE ELECTRO MAGNETIC FIELD THERAPY દ્વારા ઈલાજ થઈ શકે તે માટે Demonstration તેમજ Free Consultation આપવામાં આવશે. Demonstration 9.30 / 10.30 / 11.30 વાગે કરવામાં આવશે. (જુના રિપોર્ટ લાવવા).

- જરૂરીયાતમંદ ભાઈ બહેનોને ચશ્મા મફત (Free) આપવામાં આવશે. તેમજ વધુ ઈલાજની જરૂરિયાત જણાશે તો આઈ હોસ્પીટલમાં refer કરવામાં આવશે.
- દાંતમાં filling કે દાંત કાઢવા શક્ય હશે તો ત્યાંજ કાઢવામાં આવશે.
- જરૂરિયાતમંદ ભાઈ - બહેનોને જરૂર જણાંતાં દવાઈઓ મફત (free) આપવામાં આવશે.

તા. ક. Bone Density (હાડકાંની મજબુતાઈ) જાણવા માટે પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે. તે માટે પણ રજીસ્ટ્રેશન જરૂરી છે.



13

☛ ALL MEDICINES AT WHOLESALE RATE
☛ FREE DOOR DELIVERY FOR BULK PURCHASE
☛ હોલસેલ ભાવે દરેક દવા તેમજ મોટા ઓર્ડર માટે ફ્રી હોમ ડિલીવરી સર્વિસ

KAMALESH PHARMA

PHARMACEUTICAL DISTRIBUTORS

4-4-230/3, Shop No. 2, Inderbagh, Kothi, Sultan Bazar, Hyderabad-95.
Ph : 65981701, 64611701, 24757393.

| Bhasker | Deepak | Anup |
|---|---|---|
| 6461 1701 | 98490 17501 | 2475 7393 |

(જા. ખ. H-2229, July.09)



દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :
લક્ષ્મીચંદ કેનિયા M.A. MDRT (USA)
ઓફિસ : ૪–૪–૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ – ૫૦૦ ૦૯૫.
નિવાસ : ફ્લેટ નં. ૧૦૭–૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬ ૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯
(જા. ખ. S-1157, Aug.09)

Prop. V. Laxman Rao
Cell : 98490 37392, 99890 57799
6513 9829, 2473 0011



BHAVANI TRAVELS

RENT A CAR, TATA INDICA, TOYOTA, QUALIS, INNOVA, ACCENT, SWARAJ MAZDA, MINI BUS.
2-4-113/54, Opp. Kumar Theatre, Kachiguda Station Road, Hyderabad 500 027. (જા.ખ-S-1610 July 09)



FOR ALL YOUR COMPUTER WORK
• SOFTWARE INSTALLATION
• TROUBLE SHOOTING • VIRUS CLEANING ETC.
• NEW COMPUTER SALES & PURCHASE
Contact : DEVESH - 94407 23277.
(જા.ખ.S-2517)

# શ્રી હૈદરાબાદ-સિકંદરાબાદ જૈન સંઘ

પ્રસ્તુત કરતા

## હિન્દી સાંસ્કૃતિક કાર્યક્રમ

# ‘‘મા – બાપને ભુલશો નહિ’’

આહથી વાહ સુધી,

તેમજ મનોરંજનથી મનોમંથન સુધીનો

આજના વર્તમાન સમયમાં મા–બાપ અને સંતાનો,

સાસુ અને વહુના હૃદય પરિવર્તન કરતો

તદ્દન નવોજ કાર્યક્રમ

અમદાવાદ લોક કલરવ ગ્રુપ પ્રસ્તુત

## ‘‘મા–બાપને ભુલશો નહિ’’

ગાયક : **શ્રી અશ્વિન ભાઈશંકર જોશી**

**રવિવાર તા. ૦૩–૦૧–૨૦૧૦, સાંજના ૪.૩૦ કલાકે થી**

(નોંધ : પ્રોગ્રામ ઠીક સાંજના ૪.૩૦ કલાકે શરૂ થઈ જશે.)

**સ્થળ : હનુમાન વ્યાયામ શાળા સ્કુલ,**

**કંદાસ્વામી લેન, સુલતાન બાજાર, હૈદરાબાદ**

(જા.ખ.F-2644, Dec.09)

## પ્રસ્તુત કર્ત્તા : શ્રી અશ્વિન ભાઈશંકર જોશી

**આંખમાં આંસુ પડાવતો, હાથમાં રૂમાલ**
**રાખવા મજબુર કરતો, આ કાર્યક્રમથી**
**કોઈ વહુમાં સીતા જરૂર જાગી જશે.**
**રખે ન ચુકતા. પોતાના સંતાનો સાથે જાણો અને માણો.**



**પાસ માટે સંપર્ક કરો**

| | |
|---|---|
| શ્રી નરેશભાઈ મોમાયા | 92473 30044 |
| શ્રી કિર્તીભાઈ મોમાયા | 92465 59966 |
| શ્રી નિખિલ મોમાયા | 98498 24564 |
| | 92465 59977 |

(જા.પ.F-2644, Dec.09)

# LIC HEALTH PROTATION PLUS

**Medical Rist upto 75 years.**

| AGE 35 | | TOTAL BENEFIT | |
|---|---|---|---|
| HCB = | 1000 per day | HCB 365*1000 = | 3,65,000 |
| MSB = | 2,00,000 | MSB = | 6,00,000 |
| YLY premium | 6,000 | Maturity = | 5,00,000 |

***TAX EXEMTION UNDER 80D.***

*HCB=Hospital Cash benefit, MCB=Major Surgery Benefit.*

*Contact : **PRITI J. VIRA** : 040-2784 0643, 94907 52643.*

*C/o. Jayant K. Gala, 301, Amrut Apartment, D.V. Colony, Minister Road, Secunderabad.*

(જા.ખ. Q-2640)



# R.S. BANDHANI HOUSE

## કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા, હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા.ખ. H-2482 Oct 09)


## નિયાંપો જાહેરાત ના ભાવ

| | | | |
|---|---|---|---|
| ૧) | છેલ્લું પાનું આર્ટ કલર પેપર | રૂા. | ૧૮૦૦.૦૦ |
| ૨) | અંદરનું રજું પાનું આર્ટ કલર પેપર | રૂા. | ૧૨૦૦.૦૦ |
| ૩) | અંદરનું છેલ્લું પાનું આર્ટ કલર | રૂા. | ૧૨૦૦.૦૦ |
| ૪) | ફુલ પેજ સાદું પેપર | રૂા. | ૫૦૦.૦૦ |
| ૫) | ૧/૨ પેજ સાદું પેપર | રૂા. | ૩૦૦.૦૦ |
| ૬) | ૧/૪ પેજ સાદું પેપર | રૂા. | ૧૫૦.૦૦ |
| ૭) | ૧“ સ્ટીપ સાદું પેપર | રૂા. | ૧૦૦.૦૦ |

નોંધ : ઉપર ક્રમાંક ૧ થી ૫ સુધીની એક સાથે ૧૨ જાહેરાત આપનારને ૧૨ જાહેરાતના બદલે ૧૦ જાહેરાતની રકમ લેવામાં આવશે.

સંપાદક મંડળ

# Kutchi Oswal Mutually Aided Co-op Credit Society Ltd.

101, S.V. Fortune, 3-5-43A, Edenbagh, Ramkote, Hyderabad 500 095.
Tele : 040 - 2475 2185, 6455 6563. Email : komacs@yahoo.co.in

## HALF YEARLY FINANCIAL REPORT

(Rupees in Lakhs)

| | 6 Months Ended 30-09-09 | 6 Months Ended 30-09-08 | Year Ended 31-03-09 |
|---|---|---|---|
| **INCOME** | | | |
| Loan Service Charges | 69.05 | 60.70 | 127.05 |
| Other Income | 4.07 | 2.90 | 7.02 |
| **Total** | **73.12** | **63.60** | **134.07** |
| **EXPENDITURE** | | | |
| Finance Expenses | 49.80 | 41.90 | 86.48 |
| Administrative & Other Exp., | 5.28 | 4.16 | 10.92 |
| **Total** | **55.08** | **46.06** | **97.40** |
| **Net Income** | **18.04** | **17.54** | **36.67** |
| **FUND & LIABILITIES** | | | |
| Share Capital & Reserves | 338.34 | 322.72 | 319.40 |
| Deposits | 1217.01 | 1002.01 | 1071.10 |
| Other Liabilities | 8.65 | 10.15 | 34.30 |
| **Total** | **1564.00** | **1334.88** | **1424.80** |
| **ASSETS & PROPERTIES** | | | |
| Fixed Assets | 50.33 | 50.40 | 51.01 |
| Loans | 1287.17 | 1260.30 | 1348.71 |
| Other Assets | 226.50 | 24.18 | 25.08 |
| **Total** | **1564.00** | **1334.88** | **1424.80** |

### IMPORTANT ANNOUNCEMENT

**The Maximum limit for Home Loan has been increased from Rs. 25 Lakhs to Rs. 35 Lakhs**

* * * * *

The Maximum limit for Business Promotion Loan has been increased from Rs. 15 Lakhs to Rs. 25 Lakhs

* * * * *

**KHUSHAL L. GALA**
Managing Director

**SANJAY N. GALA**
Chairman

(જા.ખ. F-2572)



18

# વિવિધા

## ઉદારતા – સદ્‌ગુણ

એક વાર એક આરબે મુંબઈના એક પ્રતિષ્ઠિત ઝવેરી સાથે હીરાના સોદા કર્યા. સોદા કરતી વખતે એમ નક્કી થયેલું કે અમુક સમયે નક્કી કરેલા ભાવે આરબ વેપારીએ મુંબઈના ઝવેરીને હીરા આપવા. એ પ્રમાણે દસ્તાવેજ તૈયાર કરાયો.

સમય પાકતાં એ હીરાની કિંમત ખૂબજ વધીગઈ ! જો આરબ વેપારી દસ્તાવેજમાં લખેલી કિંમતે હીરા આપે તો તેને દેવાળું કાઢવું પડે.

આ બાજી ઝવેરી જમવા પધાયો ત્યારે તેમનેસોદો અને હીરાના ખૂબજ વધી ગયેલા ભાવો યાદ આવી ગયા અને તરતજ જમવાનું બાજી મુકી તેઓ સીધા આરબ વેપારીને ત્યાં પહોચ્યા. પોતાના લેણદારને જોઈ. આરબ વેપારી ગભરાટમાં પડીગયો. સ્વાભાવિક રીતેજ એણે માની લીધું કે સમય થઈ ગયેલો છે એટલે ઝવેરી સોદાની પતાવટ માટેજ આવ્યો છે અને એણે ઝવેરીને કહ્યું કે આપણી વચ્ચે થયેલા હીરાના સોદા અંગે હું ખૂબજ ચિંતામાં પડયો છું. મારૂ જે થવાનું હશે તે થશે પરંતુ તમે ખાતરી રાખજો કે હું તમને આજના બજાર ભાવે મારી સવે મિલક્ત વેચીને પણ સોદો ચૂકવી આપીશ.

પરંતુ વાત્સલ્યપૂર્ણ અને કરૂણાભર્યા અવાજે ઝવેરી એ કહ્યું. વાહ ભાઈ વાહ ! હું ચિંતા શા માટે નકરૂં ? તમને સોદાની ચિંતા હોય તો મને કેમ ન હોય ચિંતાનું મૂળકારણ આ નાની ચબરખી છે તેનો નાશ કરી દઈએ એટલે આપણા બંનેની ચિંતા મટી જાય.

આપ કહીને ઝવેરી એ સોદાનો દસ્તાવેજ નકામા કાગળની માફક જ ફાડી નાખ્યો. જેમાંથી તેમને કરોડોનો નફોથવાનો હતો ! ત્યારથી આરબ જગતમાં તે વેપારી કહેતો કે હિંદુસ્તાનમાં માનવદેહે એક પથંગબર વસે છે.

આ ઝવેરી તે બિજો કોઈ નહી પરંતુ જગતને અધ્યાતમનો સંદેશો આપનાર અને ગાંધીજીને પણ સત્ય અને અહિંસાની પ્રેરણા આપનાર શ્રીમદ્ રાજચંદ્રજી (મૂળનામ રાયચંદભાઈ) કોટી કોટી વંદન આવા મહાનયોગીને.

*સંકલન : વસંત પી. શાહ*

## શૈક્ષણિક માર્ગદર્શન

પોતાના રસ–રૂચી અને જરૂરિયાતને અનુરૂપ કોર્સની પસંદગી કરવામાં ન આવેતો વ્યક્તિની કારકીર્દીને નુકસાન થાય છે. પોતાની સમતાનો પૂર્ણ રીતે ઉપયોગ કરી લઈને નિર્ણય કરવો જરૂરી છે. કોમ્પ્યુટરના જમાનામાં તમારે હાર્ડવેરનો કોર્સ કરવો છે કે સોફ્ટવેર નો કોર્સ કરવો છે.

### હાર્ડવેર કોર્સ

આ શ્રણીમાં એવા કોર્સ હોય છે કે જે કોમ્પ્યુટરને સુધારવાની, રિપેરીંગ કરવાની તેમજ કોમ્પ્યુટર બનાવવાની સાથે સંબંધિત છે. તમારી રૂચિ કોમ્પ્યુટર ઓપરેટીંગના ક્ષેત્રમાં કાચે કરવાની ન હોય અને ટેક્નીકલ ફિલ્ડમાં કાચે કરવાની હોય તો એ સંજોગોમાં નિશ્ચિત રીતે હાર્ડવેર કોર્સ ઉપયોગી બને છે. દિવસે દિવસે આમ જનતામાં કોમ્પ્યુટરની ભાગ અને ઉપલબ્ધતા વધતી જશે તેમ કમ્પ્યુટર વિજ્ઞાનીઓ, ટેકનિશિયનોની જરૂરત પણ વધતી જશે એથી આ ક્ષેત્રમાં નોકરી અને સ્વયં રોજગારતી શક્યતા ઘણી રહેશે.

### સોફ્ટવેર કોર્સ

આ કોર્સમાં ડોસ બેઝ અને વિન્ડોઝ બેઝ સોફ્ટવેરમાંથી પસંદગી કરવાની રહે છે. અત્યારે સર્વત્ર મહદ્‌માંશે વિન્ડોઝ બેઝ એપ્લીકેશન સોફ્ટવેર પર જ જરૂરી કામ કરવામાં આવે છે એથી આ કોર્સની પસંદગીમાં વિન્ડોઝબેઝ કોર્સને મહત્વનો ગણવો જોઈએ. ડિઝાઈનીંગ અને ગ્રાફીક્સ કાર્ય માટે ડોસ બેઝમાં પુરતી સુવિધા ઉપલબ્ધ નથી જ્યારે વિન્ડોઝ ગ્રાફીક્સ મોડ પર કાર્યને ઉપલબ્ધ છે.

સોફ્ટવેર કોર્સમાં પ્રિન્ટીગ ફિલ્ડ, એકાઉન્ટીંગ ફિલ્ડ, મલ્ટીમિડિયા ઓપરેટીંગ ફિલ્ડ, ઓપરેટીંગ અને પ્રોગ્રામીંગ ફિલ્ડ જેવા ફિલ્ડમાંથી રૂચી અને સમયાવધિને લક્ષમાં રાખીને પસંદગી કરી શકાય છે.

ઉપરોક્ત ચારેય ફિલ્ડ માટે વિસ્તારપૂર્વક હવે પછીના નિયાંપોમાં આપવાનો પ્રયત્ન કરીશું.

*સંકલન : વસંત પી. શાહ*

## સ્વભાવ – સંકલ્પ

જીવનમાં બધું આપણને અનુકુળ હોય સુખ આપે એવું હોય તે કદાચ ન બને તો પણ અણગમતી ઘટનામાંથી પણ કોઈક ગમતો અર્થ તારવવાની, અંધકારમાંથી પ્રકાશનું કિરણ શોધવાની જેને તાલાવેલી છે તેને માટે કોઈ સમય ખરાબ નથી. ખરાબમાં ખરાબ સમયને તેઓ સારો બનાવી શકે છે. આપણે અવારનવાર અણગમતા સંજોગોમાંથી દુઃખ માણસને માણસનાં પરમતત્વમાં શ્રદ્ધા હોવી જોઈએ. માણસાઈનું જો તત્વ ન હોય તો પશુમાં અને માણસમાં કશો ફરક રહેતો નથી. તમે ભગવાનનું નામ કેટલી વખત લીધું છે તે માટે તમને પુછવું નથી. મને કહો કે આજ સુધી માં તમે ધર્મ કે ભગવાનના નામે મનુષ્યને કેટલી વાર દગો દીધો છે? આ ધારદાર પ્રશ્ન આપણે આપણા જાતને પુછવું જોઈએ.

આપણે જે છીએ એના કરતાં જીદીરીતે જીવીએ છીએ. સારા દેખાવાનો પ્રયાસ નકરીએ. સુધરવાનો પ્રયાસ જરૂર કરીએ પરંતુ જીઠો દેખાવ નકરીએ. ધાવને ઢાંકી દેવાથી ધાવ દૂર થવાનો નથી. આવરણ હેઠળ ધા ઉલટાનો વધુ વકરશે. આપણે બુરાઈને ઢાંકી દઈશું તો બુરાઈ વધશે. બુરાઈ ને ઢાંકવા માટે સારા કારણો શોધી લેવાથી બુરાઈ કદી ખતમ થશે નહીં. તેને નજર સમક્ષ રાખીને આત્મનિરીક્ષણ કરીને અને જાગૃત બનીને તેને દૂર કરવાની જરૂર છે.

માણસ દુઃખી અને વ્યગ્ર છે તેનું મૂળ કારણ એ છે કે ધર્મને જીવનમાં ઉતારી શકાયો નથી. મંદીરના ધર્મને ઘર સુધી પહોંચાડી શકાયો નથી. જે દિવસે ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, મોહ, આ સક્તિ બધું છૂટી જશે ત્યારે ઘર પણ મંદીર જેવું બની જશે. જ્યાં સુધી આપણને અંતરતા ધ્વારમાંથી પસાર નહીં થઈએ ત્યાં સુધી પરમાત્મા સુધી પહોંચી શકાશે નહી. ધર્મ ઘરમાં આવી જશે પછી તેને મંદિરમાં શોધવાની જરૂરત રહેશે નહી.

“મનોસંકલ્પથી નિશ્ચય કરો કે હું માણસ તરીકે જન્મયો છું તો હવે પછીનું જીવન મહામાનવને છાજે તેવું જીવવા અથાગ પ્રયત્ન આદરીશ અને પ્રાણીમાત્ર પ્રત્યે મૈત્રીભાવે વર્તીશ. સમાજમાં ફેલાયેલ માણસાઈન દુષ્કાળ ને દૂર કરવા મારા જીવનનો સંપૂર્ણ ભોગ આપીશ અને દરેક માણસ મહામાનવ બને તેવા પ્રયત્ન સેવીશ. મારા જીવનના દરેક કર્તવ્યોમાં માનવ બનવાનું મારૂં પ્રથમ કર્તવ્ય છે તે પ્રતિપણ અદા કરીશ.”

*સંકલન : વસંત પી. શાહ*

## વાસ્તવીકતા

બીજા ના ગુણદોષ જોતા પહેલાં,
પોતાના અવગુણ જોઈતો જીઓ.
દર્દ બીજાનું સાંભળી હસતા પહેલાં,
બે આસું વહાવીતો જીઓ.
બિજાના જીવનમાં કાંટા બનતા પહેલાં,
ફૂલ ગુલાબનું બની તો જીઓ.
ચહેરાને સુંદર બનાવતા પહેલાં,
દીલને સુંદર બનાવી તો જીઓ.

*सुखी जीवन के लिये दिमाग में रखीए*
*आईस फेक्ट्री, जीभ मे रखीए शुगर*
*फेक्ट्री और हार्ट मे रखीए लव फेक्ट्री*

*सच्चे मित्र ढाल की तरह होते है,*
*जो सुख मे तो पीठ पीछे रहते है,*
*पर संकट में हमें बचाने के लिए*
*सामने आ जाते है ।*

*સંકલન : વસંત પી. શાહ*

## સાહેબ બે વરસ

"સાહેબ બે વરસ... ફક્ત બે વરસ હાથમાં છે. જેટલો પુણ્ય કરવું હોય કરી લેશો... સાલ ૨૦૦૯નો ડિસમ્બર મહિનો આવી ગયો. દેરાસર પાસે બેસેલા ભિખારીએ સીખામણ આપી. સન્ ૨૦૧૨ માં મહાવિનાશકારી પ્રલયથી દુનિયા નાશ પામશે. વિજ્ઞાનીકોએ ભાખેલા ભવિષ્ય વાણીનું એક ભિખારી પોતાના કામની માર્કેટીંગ માટે ઉપયોગ કરશે એવી કલ્પના પણ ન કરી શકાય.

ભિખારીનો દોષ નથી... સમયનો અસર છે. સામાન્યત ! પ્રત્યેક જણ પોતાના પ્રૉડક્ટના માર્કેટિંગ કરવા આવાજ નુસ્ખા અજમાવતા હોય છે.

મીઠાઈ વાડો કંદોઈ કહેશે ભાઈ સાહબ મિઠાઈનો જેટલો અસ્વાદ લુટવો હોય લૂંટી લો હવે ફક્ત બે વરસ બાકી છે. કપડાવાળો કહેશે જેટલો શોક પૂરો કરવો હોય કરીલેશો હવે ફક્ત બે વરસ બાકી છે.

ફિલ્મીકારો આ વિષયનો માધ્યમ મારફ્ત ફિલ્મ બનાવી ખૂબ આવક કરે છે.

બે વરસે જે થવાનું હશે એ થશે પરન્તુ એ ભવિષ્ય વાણીનું લાભ આજ તો ઉઠાવીએ.

અમો પણ કહીએ છીએ સામાજીક પ્રવૃત્તિઓ હવે ફક્ત બે વરસ કરવી છે. આજેજ જેટલી સુંદર પ્રવૃત્તિઓ કરી શકીએ છીએ કરી લઈએ. અમારી આ અપીલ અસ્થાની નથી એમ માનવું છે.

*સંકલન : હંસકુમાર સાયલા*

## શ્રધ્ધા

સામે મેડીવાળો હરી શેઠ કયારે પણ ભાવ ન કરાવે, કામ કરાવી બે રૂપીયાની અપેક્ષાએ ત્રણ રૂપીયા આપી જાય એમનું કામ આવે એટલે મન રાજીરેડ થઈ જાય.

એક દિવસ એવુજ કાંઈ ઘન્યું. સવાર સવારમાં દુકાન ખોલતાની સાથેજ શેઠ મારા દુકાને આવ્યા. સવારનો પહેલો ગ્રાહક શુકનિયાળ હોય તો સારી બોણી થઈ. આજનો વ્યાપાર સારો થશે એ કલ્પના માત્ર થી હું ખુશ હતો.

''ભાઈ, ચંપલના અંગુઠાને બે ખીલા મારી આપને" એમનો આદેશ ઉપરા ઉપરી ઝીલી મે એમની ચંપલ હાથમાં લીધી. અંગુડો રીપેઅર કરવા ચંપલ માંડણી ઉપર રાખી તેજ સમયે ઉપરથી ઘા કરેલો કેલેન્ડરનો પુઠો ચંપલ ઉપર આવીને પડયો. પુઠા ઉપર ભગવાન નો સુન્દર ફોટો હતો. હરીશેઠે મીઠો કટાક્ષ કરેલ મારા ભગવાન તારા દ્વારે આપ્યા છે. આજ સુધી મહાવીર જૈનોના ભગવાન છે એ જાણતો ન હતો. શેઠના વાતથી જાણવા મળેલ. ભગવાનનો ફોટો સવાર સવારમાં દુકાને આવ્યો છે એ જાણી મારી ભક્તિ ભાવના જાગી અને એને એ અભરાઈ ઉપર એ છબી ને બિરાજમાન કરી દીધી. મારા સદ્‌ભાગ્યે એ દિવસનો વ્યાપાર પણ ધાર્યા કરતા સારો થયો. મારી શ્રધ્ધા દૃઢ બની ગઈ. બીજે દિવસે એ પુઠાને અભરાઈ ઉપર વ્યવસ્થિત ગોઘ્વી સવાર સાંજ અગરબત્તી કરવાનો ક્રમ શુરૂ કરેલ.

એ દિવસોમાં મારા દિકરાએ "પ્રાઈમિનિસ્ટર રોજગાર યોજના હેઠળ લોન માટે કરેલ અર્જી મંજુર થઈ.

યુવાન દિકરો વિતાના કાર્યમાં સારી રીતે હાથ વટાવતો હતો એમા સુંદર સાથ થી ઘંઘામાં થોડી આધુનિકતા આવી. ઘંઘો વિકસતો ગયો. એજ નાની ટપરાજેવી દુકાનની પાછળ બનેલાનવા કોમ્પલેક્ષમાં એક મલગી લીધી. બ્રાંડેડ કંપનીની એજન્સી મળી. સુંદર શો રૂમની સ્થાપના થઈ. દિકરાના નશીબે બેન્કમાં કામ કરતી ભણેલી કન્યા મળી. બન્નેને પરણાવી એમનો સંસાર માંડી આપ્યો. તે દિવસથી આજ સુધી હું પ્રગતી પંથેજ રહયો. કેલેન્ડરના પુઠા ઉપર છાપેલા ભગવાનમાં મારી શ્રધ્ધા અનેક ગણી વધી ગઈ હતી. સુન્દર ફ્રેમમાં એ પુઠાને સજાવી સ્થાપના કરી. આજે પણ સવાર સાંજ એ ભગવાનની ભક્તિ કરૂં છું. એ ફ્રેમના નીચે એક લાઈન લખાવી ''તમારા ભગવાન – મારા ઠારે...

પરમ દિવસેજ હરીશેઠ મારા દુકાને પૌતાના પૌત્રને બુટ અપાવવા આવ્યા હતા એમનો ધ્યાન ફોટો ફ્રેમ ઉપર ગયો. બહુ ઝીણવટથી એમને ફ્રેમને નિહાળી એમને એ દિવસનો પ્રસંગ યાદ આવ્યો હશે. ફ્રેમ નીચે લખેલી લાઈન વાથી એક મજાનુ સ્મીત આપી શેઠે એટલુજ કીધુ કે "મારા ભગરાન તારા દ્વારે"

*સંકલન : હંસકુમાર સાયલા*

*વિવિધા સમાપ્ત...*


# NAGPUR'S BEST & ORIGINAL SONPAPDI

2 Piece Pack - Pista Elachi Flavour Rs. 120 per kg.
1 Piece Pack - Pista Elachi Flavour Rs. 130 per kg.

WITH BADAM TOPPING
ATTRACTIVE BOX PACKING

*Contact :* **M.J. Mehta** - 90320 03031, 2755 2607.

(જા. પ. Q-2664)

॥ શ્રી અંબે માતાયે નમઃ ॥



# છેડા નુખના ભાવિકોની પહેડી

સવિનય જણાવવાનું કે છેડા નુખના અંબા માતાજીને નમતા ભાવિકોની સમુહ પહેડી મંગળવાર તા. ૨૬-૦૧-૨૦૧૦ના સવારના ૯.૩૦ કલાકે શ્રી કચ્છી ભવન, રામકોટ માં રાખવામાં આવેલ છે. આ પ્રસંગે છેડા નુખના સર્વે ભાવિકો સપરિવાર તથા નિયાણી બહેનોને સજોડે પધારવા ભાવભીનું આમંત્રણ છે. માતાજીના સામૈયા બાદ પહેડીની વિગત, પ્રસાદી જુવારવાનું, માતાજીના સમુહગીત, આરતી વગેરે કાર્યક્રમો રહેશે.

આરતી પછી માતાજીની પ્રસાદી (જમણ) રહેશે.

કાર્યક્રમમાં સમયસર પધારવા વિનંતી

પહેડીનો સંપૂર્ણ લાભ શ્રી કલ્યાણજી કરમશી છેડા, (હા. નિલેશભાઈ)
ગામ લુણી વાળા, પરિવારે લીધેલ છે.

*વધુ વિગત માટે સંપર્ક કરો*

| | |
|---|---|
| દેવચંદ રામજી છેડા | (નિ.) ૬૬૮૩ ૯૫૦૫ |
| પોપટલાલ કેશવજી છેડા | (નિ.) ૬૬૮૪ ૫૫૫૧, ૯૪૪૦૦ ૫૫૧૧૩. |
| રતિલાલ પ્રેમજી છેડા | ૯૩૯૪૪ ૫૪૫૫૬ |

**શ્રીફળ પ્રથા બંધ છે**

લી. છેડા ભાવિક સંઘ (હૈદરાબાદ) ના જય જિનેન્દ્ર

(જ્ઞા.પ્ર F....)

KCC Kutchi Cricket Club Hyderabad

**Jai Jinendra**

Cricket fever is on its peak as the boys have started parctice for participation in Navneet Cup.

The KCC since last 20 years is going on and on & to increase the enthusiasm we have decided to publish the names of our Top Players in Niyapo every Month.

FOR OCTOBER MONTH

| Sl. No. | Name (Top Run Score) | Runs | 50's | Sl. No. | Name (Top Wicket Taken) | Wicket |
|---|---|---|---|---|---|---|
| 1. | Manthan Shah | 159 | 2 | 1. | Hiren Vira | 7 |
| 2. | Dhiren Haria | 118 | 1 | 2. | Kailesh Chheda | 6 |
| | | | | 3. | Kamal Poladiya | 6 |

FOR NOVEMBER MONTH

| Sl. No. | Name (Top Run Score) | Runs | 50's | Sl. No. | Name (Top Wicket Taken) | Wicket |
|---|---|---|---|---|---|---|
| 1. | Ritesh Dharod | 149 | 0 | 1. | Kailash Chheda | 10 |
| 2. | Manthan Shah | 112 | 1 | 2. | Hardik Dhedia | 9 |

**COMING SOON : - VICTORY CUP KPL 2010.**

For quires and Sponsorship details & any other Information Contact : **1) Manthan Shah : 98493 19090, 2) Kailash Chheda : 90008 77686, 3) Dhiren Dharod : 93911 43676, 4) Nikesh Dedhia: 92464 38353.**

**CHOCOLATES**

**ઘરે બનાવેલ Home made Chocolates અલગ અલગ સ્વાદ અને શેપમાં Assorted Flavour અને Dry Fruit Flavours માં ઉપલબ્ધ,**

**"NO COLOURS - NO SUGAR"**

**દરેક પ્રસંગો માટે સ્પેશીયલ ગીફ્ટ પેકિંગમાં મળશે.**

**મેળવવાનું સ્થળ : SHEETAL GALA**

4-2-726/727, Om Residency, Flat No. 11, 2nd Floor, Opp. Ganesh Temple, Ramkote, Hyderabad - 500 095. Ph. 6554 1333, 99855 03103.

(જા.ખ. Q-2640)

**રિયાળાની સીઝન માટે અળદિયા પાક, ગુદરપાક, મગદળિયા, ફીણીયા લાડુ, ગોળિયા લાડુ, ગોળપાપડી, ઓર્ડરથી બનાવી આપશું આમળાનો ફ્રેશ જ્યુશ પણ મળશે.**

**વિમળા એલ. સાવલા, અર્ચના સાવલા**

**ફોન. ૬૫૫૪ ૭૧૭૨, ૩૨૪૨ ૭૧૭૨.**

(જા.ખ.Q-2673, Dec.09)



# શ્રી કુલપાક તીર્થ યાત્રી સંઘ

(ભાગ્યશાળી દાતા પરિવાર માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા)

## કાચીગુડા, હૈદરાબાદ

(રજીસ્ટેશન નં. ૧૬૪/૨૦૦૯)

**હંસકુમાર સાયલા** (સંચાલક), ૩-૪-૨૧૫/એ, આર.કે. કોમ્પલેક્સ, ફ્લેટ નંબર ૧૦૧, ૧લે માળે, બેંક ઑફ ઇંડિયાની ઉપર, કાચીગુડા સ્ટેશન રોડ, હૈદરાબાદ-૨૭. ફોન. ૨૭૫૬૨૫૪૫, ૬૬૩૬૨૫૪૫.

શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ-કાચીગુડા, હૈદરાબાદના ઉપક્રમે રૂ. ૧૧૧૧.૦૦ મર્યાદીત "સંકલ્પ અનુદાન પત્રો" બહાર પાડવામાં આવેલ ઉપરોક્ત "સંકલ્પ અનુદાન પત્રો" નું લક્કી ડીપ રવિવાર ૮ નવેમ્બર ૨૦૦૯ના આયોજીત શ્રી કુલપાકજી તીર્થ યાત્રા દરમ્યાન યાત્રા સ્થળે સંપન્ન થયેલ તથા ભાગ્યશાળી દાતા પરિવારના નાતે "માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા" નુ નામ જાહેર કરવામાં આવેલ. આ ભાગ્યશાળી પરિવારનું નામ શ્રી સંઘ સાથે જોડવામાં આવશે.

સર્વ સાધારણ ખાતાના વૃધ્ધી માટે ઉપરોક્ત યોજના આગળ ચાલુ રાખવામાં આવેલ છે. "પોતાના પરિવારના શુભ પ્રસંગને યાદગાર બનાવવા તથા પ્રિયજનોની સ્મૃતીમાં "સંકલ્પ અનુદાન પત્ર" લઈ શ્રી સંઘના પ્રવૃત્તીઓને અનુમોદીત કરવાનો પુન્યાર્જન કરશો.

શ્રી સંઘના આજીવન સભ્યપદને નકરો રૂ. ૫૦૧.૦૦ છે. પ્રસંગે-પ્રસંગે કાર્યાન્વીત થનાર યોજનાના સગવડોનું લાભ આજીવન સભ્યને અગ્રક્રમેં આપવામાં આવશે. શ્રી સંઘનો આજીવન સભ્ય બની શ્રી સંઘનો પાયો મજબુત કરવા ભલામણ છે.

શ્રી સંઘ પાસે ડિસેમ્બર ૨૦૧૦ સુધી "સંઘપતિ" નોંધાએલા છે. સાલ ૨૦૧૦ થી "કાયમી સંઘપતિ યોજના" અમલમાં આવશે. આ યોજના અંતર્ગત તમારા પસંદગીના મહિનોનુ વંશ પરાંપરાગત આપશ્રીનું પરિવાર સંઘપતિ હશે તથા આપશ્રીને શ્રી સંઘનું ટ્રસ્ટીપદ પણ પ્રાપ્ત થશે. યાત્રા દરમ્યાન આયોજીત સર્વે અનુષ્ઠાનનો લાભ સંઘપતિ પરિવારને મળશે. (સ્નત્રપૂજા, ગરીબ ભોજન, ગૌ સેવા, સંઘ પૂજન, શ્રી ભોમીયાજી દાદાની સુખડી, શ્રી પદ્માવતી માતાજીને ચુનડી ઓઢાવાની વિગૈરે... વિગૈરે....).

સપ્ટેમ્બર માસ માટે માસ્ટર ભવ્ય ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા કચ્છ લાયજા, હાલ મુંબઈ તથા નવેમ્બર માસ માટે શેઠ શ્રી કાન્તીલાલજી બગરેચા પરિવારની ઓફર મળેલ છે. લાભાર્થીઓની ભુરી-ભુરી અનુમોદના.

"આ યોજના મર્યાદીત છે. માટે વેલી તકે તક ઝડપી લેશો". (જા.ખ. F-2190 Nov.. 09)

વિજ્ઞાપન સૌજન્ય : માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાર ગાલા પરિવાર, કચ્છ ગામ લાયજા, હાલ - મુંબઈ. હસ્તે : શ્રીમતી મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા

સ્થાપના : ગાંધી જયંતિ ૧૯૭૪		લોકાઃ સમસ્તાઃ સુખીનો ભવન્તુ !!		ફોન : ૨૪૭૫૫૩૩૧



# ગાંધી જ્ઞાન મંદિર યોગ કેન્દ્ર



**(સર્વોદય વિચાર પ્રચાર ટ્રસ્ટ સંચાલિત)**

**યોગ સ્ટ્રીટ, કોઠી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦૦૯૫**

Visit us : www.yogasimplified.com Ph : Dr. Praveen Kapadia - 6673 5331, 6461 5331.

Ravindra - 6673 2484, 2476 5331, Anshul - 92465 75331, Vaishali - 94412 55331.

- યોગાસન, પ્રાણાયામ તથા ધ્યાન સાધનાનું **વિશ્વ વિખ્યાત યોગ કેન્દ્ર** ................
- અત્યાર સુધી **૩,૦૦,૦૦૦ થી વધુ** વ્યક્તિઓએ લાભ લીધેલ છે.....
- છેલ્લા ૩૦ વર્ષથી એક પણ દિવસની રજા વગર નિયમિત યોગ શિક્ષણ આપવાનું **વિશ્વ વિક્રમ** ધરાવતું કેન્દ્ર
- પ્રતિદિન મુખ્ય કેન્દ્રમાં **૫૦૦ થી વધુ** સાધકો યોગ સાધના માટે આવે છે.....
- અન્ય શાખા કેન્દ્રોમાં રોજ **૧૦,૦૦૦ થી વધુ** લોકો નિયમિત યોગાભ્યાસ કરીને જીવન સુખમય બનાવે છે.
- ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, અસ્થમા, સ્પોન્ડીલાઈટીસ, ગરદન, કમર તથા સાંધાનાં દુઃખાવા, મેદવૃધ્ધિ, ગેસ્ટ્રીક ટ્રબલ, કબ્જીયાત, ટેન્શન, નિરાશા જેવી શરીર-મનની અનેકવિધ બીમારીઓ-તકલીફોની **સુપર સ્પેશિયાલિસ્ટ ગેરન્ટેડ ટ્રીટમેન્ટ** કેન્દ્રની મુખ્ય વિશેષતા છે. એટલેજ શહેરના દરેક મોટા ડોક્ટરો, હોસ્પીટલો પોતાના પેશેંટોને અહીં રોજ મોકલે છે....
- સવારના ૪.૩૦ વાગ્યાથી રાત્રે ૮.૦૦ વાગ્યા સુધી **સૌને અનુકુળ** એવા સમયે એક પછી એક **૧૨ સેશન્સ** ચાલે છે..
- **બ્હેનો માટે** અલગ ક્લાસ પણ હોય છે.....
- કચ્છી ભાઈ-બહેનો માટે **૭ દિવસ નિઃશુલ્ક યોગ શિક્ષણ** આપવામાં આવશે...
- મુખ્ય કેન્દ્રમાં આવી ન શકે એવા માટે **ઘરે પણ** યોગ શિક્ષણની વ્યવસ્થા છે.....
- **પ્રાકૃતિક ચિકિત્સા**-એનિમા, મસાજ, સ્ટીમબાથ વગેરેની કુશળ માર્ગદર્શન હેઠળ વ્યવસ્થા છે.....
- અંકુરિત અન્નનો **પ્રાકૃતિક નાસ્તો** (રૂ. ૫) રોજ સવારના ૭.૦૦ થી ૮.૦૦ સુધી મળે છે.

## યોગાના નવા કલાસ દર મહિનાના ત્રીજા સોમવાર શરૂ થશે.

**અદભૂત – અકસીર–અનુભવ સિધ્ધ સરકાર માન્ય દેશ વિદેશમાં લોકપ્રિય આયુર્વેદિક ઔષધિઓ**

### સંપૂર્ણ આરોગ્યામૃતમ્
ડાયાબિટીઝ, બ્લડ પ્રેશર, અસ્થમા, દરેક જાતના તાવ, કમળો, દુઃખાવો, પેટ-લીવર-કિડનીના રોગ, બહુમુત્ર, બળતરા, સોજા વિ.ના નિવારણ હેતુ.....

### સૌદર્યામૃતમ્
મેદ વૃધ્ધિ દૂર કરીને શરીરને સપ્રમાણ-સુંદર બનાવવા માટે...

### ઉદરામૃતમ્
ગેસ, એસીડીટી, અપચો, અરૂચિ, કબજીઆત દૂર કરવા માટે...

### દંતામૃતમ્
દાંતોના દુઃખાવા, લોહી પડવા, પાયોરીઆ વિ.થી પૂર્ણ મુક્તિ માટે..

### કેશામૃતમ્
સુંદર-લાંબા, દઢ-કાળા વાળો માટે તથા ખોડા-સફેદ વાળ વિ.થી સંપૂર્ણ મુક્તિ માટે...

### અમૃત તૈલમ્
શરીર વેદના, સાંધાના દર્દ, સંધિવાત, આમ વાત, સર્વાંગ વાત દૂર કરવા માટેનું માલીશ તેલ..

### ચ્યવન પ્રાશાવલેહ
શરીર-મનની શક્તિ, ચહેરાની રોનક, ક્રાંતિ, ધાતુ શક્તિ વધારવા માટે.....

### મનસામૃતમ્
મનની શાંતિ, યાદ શક્તિ, એકાગ્રતા વધારવા તથા અનિદ્રા, માનસિક તાણ, ભય દૂર કરવા માટે..

### સંપૂર્ણ શ્વાસનામૃતમ્
ખાંસી, શરદી, એલર્જી, દમ દૂર કરવા માટે...

**નિર્માતા : બેટર હેલ્થ પ્રોડક્ટસ્**

(Mg. Dir. **ડૉ. પ્રવીણ કાપડિયા** (કચ્છ - પત્રીવાલા) ફોન.૨૪૭૫૫૩૩૧, ૯૨૪૬૫ ૭૫૩૩૧)

યોગ-આનંદ, પ્રેમબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦૦૯૫, ફોન (૦૪૦) - ૨૪૭૫૨૮૪૮, ૯૨૪૬૧૮૨૪૮૪

**મંડળનો મેડીકલ કાર્ડ લઈને આવતાં ઉપરોક્ત બધી દવાઓ ઉપર ૧૦ ટકા ડીસ્કાઉંટ આપવામાં આવશે.**

**સ્થળ : ગાંધી જ્ઞાન મંદિર સમય : સવારના ૭.૦૦ થી ૧૨.૦૦, સાંજના ૫.૦૦ થી ૭.૦૦**

**દર મહિનાના ત્રીજા સોમવાર થી યોગા અને મેડિટેશન કોર્સ શરૂ થશે.** (જા.ખ. F-1160, July 09)

26